PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebma il.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/ક્વા–૦૨/૧૭–૧૮/૮૮૪૯ તા ૧૧-૧૦-૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પુંજાભાઈ દેવાભાઈ ડુવા,
ગામ : લાલપરડા
તા. ખંભાળીયા,
જી. દેવભુમી દ્વારકા
મો: ૯૭૧૨૮ ૩૫૭૮૧

**વિષય :–ખેત જોડાણ મા નામબદલી અને શીફ્ટીગ સાથે પુનઃ ચાલુ કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૪/ક્વા–૦૨/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ ક્ચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય ક્ચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય ક્ચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લ ઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૪/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૯–૦૯–૧૭ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: પુંજાભાઈ દેવાભાઈ ડુવા, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે અરૂણ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ હતા.

**વિ રૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ મા નામબદલી અને શીફટીંગ સાથે પુન: ચાલુ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મોખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૪૫/૦૦૧૩૬/૦ નામ બદલી અને શીફટીંગ સાથે પુન: ચાલુ કરવા માટે – અરજી રસીદ નં. ૪૫૮૮૩૦ તા.૦૪–૦૮–૧૫ થી રૂ.૫૦૦/–ભરપાઈ કરેલ, સદર અરજી ના અનુસંધાને, તેઓએ ટપક પધ્ધતિ તેઓએ વસાવેલ હોવા છતા, અરજદાર ને ભાવપત્રક અપાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર દેવાભાઈ અરજણ ના નામનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૪૫/૦૦૧૩૬/૦ થી ૦૫ હોપા નો લાલપરડા મુકામે સર્વે નંબર: ૨૩૩ / ૨ / પૈકી ૨ પૈકી ૧ મા ધરાવે છે. સદર વીજજોડાણ નં.: ૮૮૯૪૫/૦૦૧૩૬/૦ તા.૧૦–૦૪–૦૩ ના રોજ પીડીસી થયેલ છે. ત્યારબાદ, અરજદારે વારસાઈ દરજજે સદર જોડાણ નામ બદલી સાથે પુન: ચાલુ કરાવવા માટે વડત્રા પેટા વિભાગીય કચેરી માં રસીદ નં. ૪૫૮૮૩૦ – તા.૦૪–૦૮–૧૫ થી રૂ.૫૦૦/–ભરપાઈ કરેલ છે. સદર ફરીયાદ અન્વયે વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી પત્ર નં: વીએસડી/ટેક/૨૬૧૨ તા.૧૬–૦૯–૧૭ ના રોજ જરૂરી ખુટતા દસ્તાવેજીક પેપર્સ સાથે ઉકત મંજુરી માટે – વિભાગીય કચેરી ને મોકલાવેલ, જે વિભાગીય કચેરી દ્વારા પત્ર નં: જેકેડી/રેવ/પીડીસીઆરસી/૪૦૩૫ તા.૧૪–૦૯–૧૭ ના રોજ અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી જામનગર ને – દરખાસ્ત – મંજુરીની પ્રક્રીયા માટે મોકલાવેલ, જેની મંજુરી આશરે ૨૦ દિવસ મા મળી જશે. ત્યારબાદ, અરજદાર ની સવાલવાળી ખેતીવાડી વિષયક જોડાણ મા નામ બદલી સાથે પુન: ચાલુ કરવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી પત્ર નં: વીએસડી/ટેક/૨૬૧૨ તા.૧૬–૦૯–૧૭ ના રોજ જરૂરી ખુટતા દસ્તાવેજીક પેપર્સ સાથે ઉકત મંજુરી માટે – વિભાગીય કચેરી ને મોકલાવેલ, જે વિભાગીય કચેરી દ્વારા પત્ર નં: જેકેડી/રેવ/પીડીસીઆરસી/ ૪૦૩૫ તા.૧૪–૦૯–૧૭ ના રોજ અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી જામનગર ને – દરખાસ્ત – મંજુરીની પ્રક્રીયા માટે મોકલાવેલ, જેની મંજુરી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા ભાવપત્રક આપવાની કામગીરી કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

<u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૪૫/૦૦૧૩૬/૦ માં ૦૫ હોપા નો લાલપરડા મુકામે સર્વે નંબર: ૨૩૩ / ૨ / પૈકી ૨ પૈકી ૧ મા અરજદાર શ્રી ની સદર અરજી ના અનુસંધાને, તેઓના અગાઉ પીડીસી થયેલ જોડાણ ને ફરીથી પુનઃ ચાલુ કરવા માટે અને નામ બદલી ની અરજી ની જરૂરી મંજુરી આપી અને ભાવપત્રક – દિન–૨૦ મા આપી અને અત્રેના ફોરમ ને જાણકારી આપવા બાબતે નો આદેશ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.